ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૧-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સ્વામી વિવેકાનંદ સદીઓ સુધી પ્રકાશ પાથરતા રહેશે

પૂરાં સાડી ઓગણચાળીસ વર્ષ પણ નહીં જીવી શકેલા એ ભવ્ય પ્રતિભાશાળી સાધુને એમના જન્મનાં એકસો એકાવન વર્ષે પણ કેમ યાદ કરવા પડે છે? કોઈપણ વ્યક્તિને આવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. સ્વામી વિવેકાનંદ વ્યક્તિ મટીને ઈતિહાસ બની ગયા હતા, તે પણ એમની હયાતીમાં જ. નરેન્દ્રનાથ દત્તમાંથી વિવેકાનંદ બનતાં સુધીમાં એમણે કેટલું બધું સહન કર્યું હતું! એમણે શરૂઆત એક તાર્કિક બુદ્ધિપ્રધાન યુવક તરીકે કરી અને એમની મહાસમાધિ વેળાએ એ હાજરાહજૂર અવતારી પુરુષ હોવાની પ્રતીતિ કરાવતા ગયા. ઠાકુર રામકૃષ્ણ બેલૂર મઠમાં કાલીની ઉપાસના કરતાં કરતાં એક એવું માધ્યમ શોધી રહ્યા હતા જે એમની પ્રજ્ઞાને, ભારતીય ચેતનાને વિશ્વના પ્રાંગણ સુધી પહોંચાડી શકે. તેથી જ્યારે નરેન્દ્ર નામનો એ બટકબોલો છોકરો એમને મળ્યો ત્યારે જાણે એની જ રાહ જોઈ રહ્યા હોય એમ ઠાકુર વ્યગ્ર થઈ બોલી ઊઠેલા: કેટલી રાહ જોવડાવી બેટા! આટલું મોડું તે કરાતું હશે કે? અને પછી જે આધ્યાત્મિક ઘટના સાકાર થઈ તેનાથી આપણે સૌ વાકેફ છીએ. રામકૃષ્ણ પરમહંસે એમનું સમગ્ર તપ-તેજ પ્રિય શિષ્યમાં આરોપી દીધું. વિશ્વ એની વાટ જોતું બેઠું હતું. ભારત ભ્રમણ દરમિયાન ઓચિંતો જ એ સુયોગ પણ સાંપડ્યો. વિચાર કરો: એ આંતરરાષ્ટ્રીય ધર્મસભામાં વિવેકાનંદ ન પહોંચી શકયા હોત તો?- તો આજે એકસો વીસ વર્ષ પછી પણ કદાચ આપણા વિશે પશ્ચિમના દેશોમાં એ જ જૂના પુરાણા ખ્યાલો પ્રવર્તતા હોત કે નહીં? એમણે હિંદુ ધર્મને સર્વ ધર્મોના સાર તરીકે દુનિયાની તમામ પ્રજાઓને એમના આચારવિચાર સહિત આત્મસાત કરનારી મહાન પ્રજાના વૈશ્વિક ચેતનાના પર્યાયરૂપ જીવનસાધના લેખે વર્ણવીને એક નવો જ ઉઘાડ આપ્યો. તે સમયની ગુલામીની જંજીરોમાં કલસતી પ્રજાને એમણે દુનિયાની શ્રેષ્ઠ અને સહિષ્ણુ પ્રજા તરીકેની ઓળખ અપાવી. મહાત્મા ગાંધીએ રાષ્ટ્રપ્રેમની પ્રેરણા સ્વામીજીનાં લખાણોમાંથી મેળવી છે. 'દરિદ્રનારાયણ' શબ્દ પણ એમને સ્વામીજી પાસેથી સાંપડ્યો છે. વિવેકાનંદ ભારતનું મૂર્તિમાન સ્વરૂપ છે. એમને કોઈ એક પંથ કે વાડામાં પૂરી દેવાથી તો અન્યાય જ કર્યો લેખાશે. વિશ્વવિભૂતિ તરીકે એ અજરામર છે. એ ભૂખ્યા માણસને રોટલો આપવામાં અને વિધવાનાં આંસુ લૂછવામાં ધર્મ જુએ છે. કર્મકાંડની પાછળ ખુવાર થઈ જનારી ભારતીય પ્રજાને એમણે જે દિશા ચીંધી છે તે માનવધર્મની દિશા છે. એમણે યુવાનોને આળસ ખંખેરીને ઊભા થવા હાકલ કરી, મહિલાઓને એમનામાં લપાઈને બેઠેલી દુર્ગાનો સાક્ષાત્કાર કરાવ્યો. રામકૃષ્ણ મઠને કર્મને પૂજા ગણનારી યુનિવર્સિટીમાં ફેરવી દીધો. વિવેકાનંદના અધૂરા કાર્યને પૂર્ણ કરવા માટે આજે પણ દુનિયાભરમાં એમના અનુયાયીઓ સક્રિય છે. પરંતુ વિવેકાનંદને કોઈ એક ચોકઠામાં ઢાળી દઈ એમના નામે રાજકારણના રોટલા શેકનારાઓનોય તોટો નથી. આવા મહાપુરુષને કોઈ એક જ દેશ કે પ્રજા સાથે સાંકળવાથી પણ એમની ગરિમા ઝંખવાશે. વિવેકાનંદ એ વૈશ્વિક ચેતનાના સંવાહક છે અને એ રૂએ એમના પર સમસ્ત માનવજાતનો સરખો હક લાગવો જોઈએ.

નેશનલ કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ કક્ષાની જીત-કુને-ડૉ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી સ્કૂલની ૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩ ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ગૌરવ મેળવ્યું.

શહેરન સે. ૭ સ્થિત ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષાએ દિલ્હી ખાતે યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં શાળાની ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તેમાંથી આરજુ ચૌધરી, બીજુ, રિપલ ચૌધરી અને લક્ષ્મી ચૌધરીએ ત્રીજુ સ્થાન મેળવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદ પાઠવવામાં આવ્યા છે.

યુવા સપ્તાહ અંતર્ગત રમત-ગમત સ્પર્ધા

યુવા દિશા કેન્દ્ર અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર સ્વામી વિવેકાનંદની ૧૫૧ જન્મ જયંતિ નિમિત્તે યુવા સપ્તાહ અંતર્ગત રમતગમત સ્પર્ધા યોજવામાં આવશે. યુવા સપ્તાહનો શુભારંભ આજરોજ, રવિવાર, સવારે ૯.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ શિક્ષણ સંકુલ સે. ૨૪ ખાતે કરવામાં આવશે. મુખ્ય મહેમાન તરીકે સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશિષભાઈ દવે, પ્રમુખ તરીકે વિક્રમભાઈ પટેલ, એમ.ડી. નાગરિક બેંક, સુભાષભાઈ પાંડવ, ડે. મેયર, અમૃતભાઈ દેસાઈ, બાબુલાલ પટેલ, રજનીભાઈ સુથાર ઉપસ્થિત રહેશે.

હરિની દૃષ્ટિ...

અલ્યા કેજરીવાલના બચ્ચા... અમે બંને ભાર દોરીમાં પેચ લેવા જઇએ છીએ ત્યાં તો તું પીલ્લાથી અમને હેરાન કરવા આવી ગયો...!!

'લોકત્વા પ્રથકૃતો યજામહે ।' અર્થવેદના શ્લોકને ચરિતાર્થ કરનાર સ્વ. માણેકલાલ પટેલ

૧૨ જાન્યુઆરી કડી સર્વ વિશ્વવિદ્યાલય માટે વિશેષ દિન બની રહે છે એક માણેકલાલની દ્વિતીય પુણ્યતિથિ. આજ દિને ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ બંને મહાનુભાવો પોતાના કાર્યક્ષેત્રમાં અમુલ્ય ફાળો આપ્યો છે, તેઓને આજે યાદ કરવા ઘટે છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય આ દિને માણેકલાલ પટેલની પ્રથમ પુણ્યતિથિની સ્મૃતિમાં ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓમાં મોટા દાનનો પ્રવાહ વહેતો થાય છે અને દિવસ દરમ્યાન માણેકલાલ (દાદા)ની સ્મૃતિમાં વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરી તેમને શ્રદ્ધાજંલિ આપવામાં આવે છે.

અર્થવેદમાં એક સુંદર શબ્દ છે 'લોકત્વા પ્રથકૃતો યજામહે।' માણેકલાલ સાહેબે એક શિક્ષણનું ઋણ અદા કરવા માટે જીવનપર્યંત જે કાર્ય કર્યું અને સારા કાર્ય કરતાં કરતાં તેમણે જે રસ્તો બન્યો તે તેમને મહામાનવ સુધી બનાવી દીધા. જ્યારે સ્વામી વિવકાનંદને ભારત ભ્રમણની આજ્ઞા ગુરુ દ્વારા મળી હતી. તે આદેશને પૂર્ણ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે , 'આત્માનો મોક્ષાર્થમ જગત હિતાય।' અર્થાત દરેક વ્યક્તિનો નિશ્ચિત લક્ષ્ય હોય છે. જ્યારે જગતનું ભલું કરો છો ત્યારે આત્માની મુક્તિ તરફ પ્રયાણ કરે છે.

આમ અર્થવેદમાં આપેલ 'લોકત્વ પર્થકૃતો યજામહે।' અને સ્વામી વિવેકાનંદ દ્વારા ઉચ્ચારાયેલા શબ્દો ઘણું બધું સુચિતાર્થ કરે છે. કારણ કે, સ્વામીજીએ પોતાના ગુરુના આદેશને પૂર્ણ કર્યો છે જ્યારે માણેલાલ પટેલે જે શાળામાં શિક્ષણ મેળવ્યું તેનું ઋણ અદા કર્યું છે.

આ ઉપરોક્ત શબ્દો શ્રી માણેકલાલ પટેલ પ્રથમ પુણ્યતિથિએ યોજાયેલા વ્યાખ્યાનમાં બોલાયેલા છે. આ શબ્દોને ચરિતાર્થ કરતા તેમના જીવન વિશેની એક આછેરી ઝલક મેળવીએ...

કડી સર્વ વિશ્વવિદ્યાલયનો ઈતિહાસમાં પાંખી નજર કરીએ તો ૧૯૧૯ની અરાજકતાના સમયગાળામાં જૈફ વયની ઉંમરની વ્યક્તિએ ૬ વિદ્યાર્થીઓથી શરૂ કરેલી શાળા આજે ૫૫૦૦૦ વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. કડી શરૂ કરાયેલી શાળા જેણે ગાંધીનગરને વિદ્યાનગરી તરીકે પ્રસ્થાપિત કરી, આ સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો અપાવવાનું કાર્ય માણેકલાલ પટેલની દીર્ઘ દૃષ્ટિથી થયું છે. જે છગનભા દ્વારા આપેલ સૂત્ર 'કર ભલો હોગા ભલા'ને સાકાર કરી બતાવ્યું છે.

માણેકલાલ પટેલનો જન્મ ૧ ફેબ્રુઆરી, ૧૯૨૯ના રોજ ઉત્તર ગુજરાતના કડી પાસે આવેલ ઊંટવા ગામે થયો હતો. તેમના માતાનું નામ દિવાળી બા અને પિતાનું નામ માધવલાલ. ગામની શાળામાં ધોરણ ૬ સુધીનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું ત્યારબાદ કડી સરકારી શાળામાંથી ધોરણ ૭ વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા આપી સમગ્ર વડોદરા રાજયમાં બીજા નંબરે ઉર્તીણ થયા હતા. શિક્ષક બનવાની તેમની અંતઃકરણથી ઈચ્છા ધરાવતા માણેકલાલે શિક્ષક તરીકે ઈન્ટવ્યુ આપવા ગયેલા પરંતુ શારીરિક દુબર્ળતાના કારણે પ્રાથમિક શિક્ષક પસંદગી સમિતિએ તેમના પર પસંદગી ન ઉતારી. આ ઘટનાને માનસપટ્ટ પર તેને હાવી ન થવા દીધી અને તેઓ બી.એ. તથા એલએલબીની સ્નાતક પદવી ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી પોતાનો લક્ષ્યાંક બદલી દીધો.

૧૯૫૮માં ચીફ ઑફિસર તરીકે નગરપાલિકામાં જોડાયા. ત્યારબાદ નગરપાલિક પ્રમુખ, વિવિધ સમિતિઓના અધ્યક્ષ તરીકે પ્રાયઃ ૧૫ વર્ષ સુધી સેવાઓ આપી હતી. નગરપાલિકા સાથેનો તેમનો સમગ્ર કાર્યકાળ તેમના જીવન ઘડતરનો અને વ્યક્તિત્વ વિકાસનો નિર્ણાયકકાળ સાબિત થયો. કડીને પોતાનું વતન માનીને કડીના સર્વાંગી વિકાસ અર્થે કડીને પોતાની જાત સમર્પિત કરી દીધી. તેજસ્વી પ્રતિભાના કારણે મોટા ગજાના એડવોકેટ કે માત્ર ઉદ્યોગ-ધંધામાં વ્યસ્ત રહીને અબજોપતિ બની શકયા હોત. તેવી તેમની ક્ષમતાનાં આજે પણ સૌ કોઈને દર્શન થાય છે. પરંતુ તેમ ન કરતાં પોતાની સૂઝબૂઝ અને કાબિલેદાદ વહીવટીય શક્તિને કડી વિકાસમાં જ ખર્ચી નાખીને કડી નગરપાલિકાને સંગીન વહીવટનો આદર્શ નમૂનો પૂરો પાડ્યો તેમજ તેને આર્થિક રીતે સધ્ધર પણ કરી હતી. કડીને સ્વચ્છ નગર બનાવવા તેમજ સમાજીવનમાં સમાજિકત સરસતા અને સદ્‌ભાવના જાળવવા હંમેશા કર્મશીલ નગરસેવક બની રહ્યા હતા.

અર્થશાસ્ત્ર અને કાનૂનના સ્નાતક હોવાથી પ્રાપ્ત જ્ઞાનને ખપમાં લાવી પ્રાયઃ ખેતીના વ્યવસાય ઉપર નભતા ગ્રામજનોને વ્યાજની ચુંગાલમાંથી બચાવવા કડીના અગ્રણીઓનો સાથ સહકાર મેળવીને કડી નાગરિક સહકારી બેંકના ચેરમેન તરીકે લાંબા સમયસુધી સેવા આપી હતી. તેઓએ આ સાથે નાના-મોટા ઉદ્યોગોની સ્થાપના કરવા વેપારીઓને તેમજ ખેડૂતોને લોન આપવાની સરળ સગવડ આપી. સાથે તેમાં ઉદ્‌ભવતા કાનૂની ગૂંચવાડા દૂર કરવા હંમેશા અગ્રેસર રહ્યા હતા. પરિણામ સ્વરૂપે 'કડી સોનાની દડી' કે એક ઉદ્યોગ નગરી તરીકે ઝડપભેર વિકસવા લાગી. આરોગ્યની સુખાકારી માટે 'ભાગ્યોદય હોસ્પિટલ'ની સ્થાપના કરી, જે આજે સતત કાર્યરત છે.

નગરપાલિકાના સી.ઓ. તરીકે સ્વેચ્છાએ રાજીનામું આપી છૂટા થઈ ઉદ્યોગ-ધંધામાં ઝંપલાવ્યું. આ ક્ષેત્રમાં પણ ઝળહળતી સફળતા મેળવતાં એક કર્મઠ ઉદ્યોગપતિ અને દાનવીર તરીકે ખ્યાતિ પ્રાપ્ત થયા હતા.

શિક્ષણનું ઋણ અદા કરવાની ભાવના સાથે તેમણે પૂજય છગનભાના આદર્શ અને ધ્યેયને, તેમના જીવન મંત્ર 'કર ભલા હોગા ભલા'ને તેમણે આત્મસાદ કરી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોવાના નાતે આપદ ધર્મ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે જવાબદારી તેમણે ૧૯૭૩થી ૨૦૦૦ સુધી અને વર્ષ ૨૦૦૦થી છેલ્લા શ્વાસ સુધી તેનું ચેરમેન પદ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું પ્રેસિડેન્ટ પદ તેના સ્થાપનાકાળથી તેમની અંતિમ યાત્રાસુધી ન કેવળ શોભાવ્યું પણ ઉજ્જવળ કર્યું. આમ પ્રાયઃ ૪૦ વર્ષ સુધી તેમના દૂરંદેશીતાપૂર્ણ નેતૃત્વનો લાભ સર્વ વિદ્યાલયને મળ્યો. આ સમયગાળો કેળવણી મંડળના વિકાસનો સુવર્ણયુગ સાબિત થયો. સંસ્થાના અભૂતપૂર્વ વિકાસ થયો અને તેની કીર્તિ દિકદિગંત પ્રસરી. કડી ગાંધીનગરને બહુ વિદ્યાશાખાકીય શિક્ષણધામોમાં પરિવર્તિત કરી નાંખ્યા.

આવા ગૌરવપુરુષ અને સંસ્કારમૂર્તિ સ્વ. માણેકલાલ સાહેબની માનીવીય ગૌરવને ઉજ્જવળ કરે તેવી સેવા પ્રવૃત્તિઓ અને ઉદાહરણ સ્વરૂપ, અનુકરણીય તેમજ પ્રેરણાદાયી કાર્યોના કારણે સામાજીજીવનની વિવિધ સંસ્થાઓએ તેમને અનેકવિધ પુરસ્કારો અને એવોર્ડસથી અલંકૃત કર્યા છે.

માણેકલાલના ૮૨મા જન્મદિન પ્રસંગે તા.૧ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તેમનો ભારે દબદબાપૂર્વક જાહેર અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોહનભાઈ પટેલ દ્વારા સંપાદિત ગ્રંથ 'કર્મચૂડામણિ માણેકલાલ' અર્પણ કરવામાં આવ્યો હતો. આ સન્માનનો ભાવવિભોર સ્વરે પ્રતિભાવ આપતા તેમના શબ્દો જાહેર સંસ્થાના વહીવટકર્તાઓ માટે દૃષ્ટવ્ય બની રહે છે, 'આ મારું સન્માન નથી પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે... આ સંસ્થાના મૂળિયાં મજબૂત છે. તે પાતળમાં ગયા હોવાથી તેને પાણી પાવાની જરૂર નથી. આવી સંસ્થાને પોષવી જોઈએ.. મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે.'

આવા સંનિષ્ઠ 'કર્મચૂડામણિ'ની આકસ્મિક ચિરવિદાય હૃદયરોગના હુમલાના કારણે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિના દિને તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ની રાત્રે ૧૧.૩૦ કલાક આસપાસ થઈ. કુટુંબીજનો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવારે વજ્રઘાત અનુભવ્યો.

સ્વ. માણેકલાલ સાહેબે કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરમાં વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસાર્થે આવનાર વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને મેનેજમેન્ટ કવોટાનો બહિષ્કાર કરીને સેન્ટ્રલ મેરીટ કમિટી દ્વારા પ્રવેશ આપવાનો નિર્ધાર કર્યો હતો. સાથે આર્થિક રીતે સંપન્ન ન હોય તેવા વિદ્યાર્થીઓને ફી માફીથી લઈ હૉસ્ટેલ ફી પણ માફ કરવામાં આવે છે.

૧૨ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા સંચાલિત વિવિધ વિદ્યાશાખાઓમાંથી મેરીટના આધારે ઉચ્ચ કારકિર્દી ઘડનાર વિદ્યાર્થીઓને સ્વ.શ્રી માણેકલાલ પટેલની સ્મૃતિમાં 'માણેકલાલ પટેલ મેમોરીયલ મેરીટ સ્કોલરશીપ'નિર્ધાર કર્યો હતો. તેમની પ્રથમ પુણ્યતિથિએ ૪૪૦ વિદ્યાર્થીઓને ૭૫ લાખથી વધુ રૂપિયાની મેરીટ સ્કૉલરશીપ યુનિવર્સિટીના તત્કાલીન ચેરમેન વલ્લભભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારો અને દાતાઓના હસ્તે એનાયત કરવામાં આવી હતી. તથા વિવિધ વિદ્યાશાખાઓમાં ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓની ફી માફી કરવામાં આવી હતી. શાળા અને કોલેજોના પ્રાધ્યાપકો દ્વારા માણેકલાલ પટેલ વ્યાખ્યાનમાળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દ્વિતીય પુણ્યતિથિ પ્રસંગે પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ અને ફી માફી કાર્યક્રમ યોજવામાં આવશે. છગભાનું સૂત્ર ખરેખર સાર્થક છે 'કર ભલા હોગા ભલા'. આ મંત્ર વિદ્યાનગરી સાથે જોડાયેલા તમામના હૃદયમાં વસેલો છે.

૧૨ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ગાંધીનગર સેકટર-૨ ડમાં આવેલ ખીમજીભાઈ વિસરામ હોલ ખાતે કડી સર્વ વિદ્યાલય અને કડી સર્વ વિશ્વવિદ્યાલય કડી અને ગાંધીનગરના તમામ હોદ્દેદારો, દાતાઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ સહિત સંસ્થા સાથે જોડાયેલા આત્મજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. શ્રી માણેકલાલ પટેલ એક સફળ ઉદ્યોગપતિ હતા, પણ એમણે શિક્ષણક્ષેત્રમાં જે પહેલ કરી, જે નેતૃત્વ પૂરું પાડ્યું અને જે ઉત્તમ સંસ્થાઓ ગુજરાતને આપી તે બેનમૂન છે. તેઓને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

- મિતેશ મોદી

ગજાનન સમિતિ દ્વારા સ્વેટર અને ચોપડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૧

શહેરની ગજાનન સેવા સમિતિ અને સોલ્વે સ્પેશ્યાલીટી ભરૂચના સહયોગથી ભિલોડા તાલુકાના ગામડામાં જરુરિયાત મંદોને ગરમ સ્વેટર અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતાં.

ગજાનન સેવા સમિતિ શહેરમાં સેવાકીય કાર્યમાં મોટા પ્રમાણમાં યોગદાન આપે છે ત્યારે સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના સુનોક અને ભિલોડા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ શાળાના વિદ્યાર્થીઓનું આરોગ્ય તપાસી જરુરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. પ્રવિણ બોઘાણી, ડૉ. કે. એમ. ચિતાણીયાએ પોતાનું યોગદાન આપી ધન્યતા અનુભવી હતી.

માણેકલાલ સાહેબ માનવસમાજ અને સવિશેષત: શિક્ષણસંસ્થાઓના સંચાલકો માટે રોલ મોડલ સમાન જીવન જીવી ગયા

કડી સર્વવિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ, સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના ચેરમેન અને અનેકવિધ સંસ્થાઓનું નેતૃત્વ/ સભ્યપદ ધરાવતા શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેનું તા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૨ની રાત્રે ૧૧.૩૦ કલાક આસપાસ હાર્ટએટેકથી અવસાન થયું. આ સમાચારે તેમના પરિવારજનો, સર્વ વિદ્યાલય પરિવાર, કડીના નગરજનો અને ગુજરાતના શિક્ષણજગતને શોકસંતપ્ત કરી દીધા! સર્વ વિદ્યાલયનો કબીરવડની જેમ વિકાસ સાધનાર અને તે પણ મૂલ્યહ્રાસના યુગમાં મૂલ્યોનું ભારે ખેવનાપૂર્વક જતન અને સંવર્ધન કરનાર માણેકલાલ સાહેબ ગીતાને અભિપ્રેત એવા કર્મયોગી હતા. તેઓશ્રી માનવસમાજ અને સવિશેષતઃ શિક્ષણસંસ્થાઓના સંચાલકો માટે રોલ મોડલ સમાન જીવન જીવી ગયા. શ્રીમદ્ ભગવતગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે માનવદેહને નાશવંત ગણાવતાં કહ્યું છે કે, 'જાતસ્ય હિ ધ્રુવા મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચા તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ।।' (૨.૨૭) અર્થાત જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે... આ ઉપદેશને વાસ્તવમાં- વ્યવહાર જીવનમાં પચાવવો અઘરો છે. આમ છતાં, ભગ્નહૃદયે આ ભાવને હૃદયસ્થ કરીને સાહેબના આદર્શોને ચરિતાર્થ કરીએ તેમજ તેમના સંકલ્પો- આદર્યા અધૂરાં કાર્યોને પૂર્ણ કરીએ તથા સર્વ વિદ્યાલયની ગૌરવશીલ પરંપરાઓનું સતત સંરક્ષણ અને સંવર્ધન કરવા સર્વ વિદ્યાલયના પરિવારજનો સંકલ્પબદ્ધ બની કાર્યશીલ રહીએ તે જ સાહેબને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી ગણાશે.

સર્વ વિશ્વ વિદ્યાલય-વૃત્તનો પ્રસ્તુત અંક સમર્પિત લોકસેવક સદ્‌ગત માણેકલાલ એમ. પટેલ સાહેબને શ્રદ્ધાંજલિ અર્થે અર્પણ કરવામાં આવે છે. આ અંકમાં સાહેબ સાથે સંકળાયેલા કેટલાક અગ્રગણ્ય વ્યક્તિઓ પાસેથી સંસ્મરણાત્મક લેખો મંગાવેલા તેનો તેમજ આ સંબંધી પ્રાપ્ત અન્ય ૪ લેખોનો તથા વૃત્તપત્રની પરંપરા મુજબ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જાણીતા સાહિત્યકાર અને સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્યશ્રી મોહનલાલ પટેલે અર્ધ સદીનો સંયોગ : આદિ- અંતનાં બે દર્શન માં સ્વ. માણેકલાલ પટેલ સાથેની પ્રથમ મુલાકાત તા. ૧૫ ઓગસ્ટ, ૧૯૫૮ અને અંતિમ મુલાકાત તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૨ સંબંધી બે પ્રસંગોને શબ્દબદ્ધ કર્યા છે. અહીં પોતાની માતૃસંસ્થા- સર્વ વિદ્યાલય- એમના લોહીનો લય બની રહી હતી છેકે જીવનના અંતિમ શ્વાસ સુધી તે ભાવને વાચા આપી છે.

પદ્મશ્રી ભોળાભાઈ પટેલે અદ્યતન શિક્ષણસંસ્થાઓના દૃષ્ટ્રા અને સષ્ટાં માણેકલાલ માધવલાલ પટેલમાં માણેકલાલના વ્યક્તિત્વની અંતરંગ ઝાંખી કરાવતાં નોંધ્યું છે કે તેઓ મૂળે તો પટેલ ઘરાનાના જ, આખા બોલા અને ચોખ્ખાબોલા, કડક મિજાજના માણસ, પણ એ કડક ચહેરા પાછળ એક અંગ્રજીમાં કહીએ કે 'સોફ્ટ' માણસ હતો તેની પ્રતીતિ અનેક પ્રસંગોએ થઈ છે. છગનભાએ એક સ્વપ્ન જોયું હતું. તેને ગાંધીનગર શાખાની સ્થાપના અને એના વિકાસ દ્વારા શિક્ષણના વ્યાપક પ્રસારનું કાર્ય માણેકલાલે પોતાના સાહસિકતા, દૂરંદેશિતા અને દિવસરાતના અથાક પરિશ્રમથી સિધ્ધ કરી બતાવ્યું તે પણ કેળવણીના હળાહળ કળિયુગમાં મૂલ્યબોધ દ્વારા. સર્વ વિદ્યાલયમાંથી સર્વ વિશ્વવિદ્યાલય સુધીની યાત્રાએ તેમના પ્રામાણિક પુરુષાર્થની યાત્રા છે.

ફી રેગ્યુલેટરી કમિટિના ચેરમેન અને ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજશ્રી અક્ષય મહેતાએ 'ઈશ્વર ત્યાંથી અટકયા નથી'માં તેમને સાચા અર્થમાં ભેખધારી કેળવણીકાર ગણાવતાં નોધ્યું છે કે કમિટીમાં તેમનું યોગદાન હંમેશા અમૂલ્ય રહ્યું છે. તેમની શિક્ષણક્ષેત્રની આગવી સૂઝબૂઝ, તેમનો વિશાળ અનુભવ અને વિષય પ્રત્યેની પ્રામાણિકતા કમિટીને તેમની કાર્યવાહી દરમિયાન આશીર્વાદરૂપ રહ્યાં. પોતાની સંસ્થાની ફી નક્કી કરવાની આવે ત્યારે તેઓ હંમેશા પોતાની હરોળની સંસ્થાઓની ફી કરતાં પોતાની સંસ્થાની ફી ઓછી જ રાખવાનો આગ્રહ રાખતા અને કમિટીએ તેમના આગ્રહને નાછૂટકે વશ થવું પડતું.

સેવાનિવૃત્ત શિક્ષણ સચિવ, જાણીતા કેળવણીકાર અને ઉત્તરગુજરાત યુનિવર્સિટી પાટણના પૂર્વ કુલપતિ કુલીનચંદ્ર યાજ્ઞિકે તેમની સાથેનાં સંસ્મરણો વાગોળતાં જણાવ્યું છે કે પાટણ યુનિવર્સિટીના સ્થાપનાકાળમાં મને એમની હૂંફ નું મોટું પીઠબળ સાંપડ્યું હતું. તેમના નિખાલસ અને સહકારી સ્વભાવથી હું અભિભૂત થયો હતો. તેમની વિદાયથી માત્ર કડી કે ઉત્તર ગુજરાતને જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતને ન પુરાય તેવી ખોટ પડી છે.

ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય સચિવશ્રી પ્રવીણ લહેરીએ માણેકકાકાના વ્યક્તિત્વનાં અવિભિન્ન અંગો તેમજ તેમના સર્વોતમ ગુણો તરીકે મૂલ્યનિષ્ઠ, નીડરતા અને નિખાલસતા ગણાવીને નોંધ્યું છે કે સાંપ્રત સમયમાં શિક્ષણને સમાજની પ્રગતિ અને પરિવર્તનનું માધ્ય બનાવવાને બદલે ધંધાદારી શોષણ અને મૂલ્યહ્રાસથી કલંકિત કરવામાં આવી રહ્યું છે ત્યારે માણેકકાકા જેવી સક્ષમ, પ્રતિબદ્ધ અને સમર્પિત વ્યક્તિ શોધવી એ કપરી કામગીરી છે. ગાંધીનગરના દરેક સદ્‌કાર્યને તેમના આશીર્વાદ મળે જ.

ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ, ઈડરના પ્રમુખ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન કોલેજ મેનેજમેન્ટ એસોસિએશનના પ્રમુખ અને શિક્ષણ તથા સમાજસેવાના ભેખધારી એવા અણિશુદ્ધ સેવક કુમુદચંદ્ર રાવલે 'શિષ્યદેવો ભવ'ના મંત્રદૃષ્ટામાં સ્વ. માણેકલાલ પટેલને શ્રદ્ધાંજલિ આપતાં નોંધ્યું છે કે ભેખધારીઓમાં તેઓ પ્રથમ હરોળમાં આગવું સ્થાન ધરાવતા હતા, તેમજ આવનારાં વર્ષોમાં તેમની સમકક્ષ ભાગ્યે જ કોઈ ઊભો રહી શકશે. રાજકારણ તેમને આભડ્યું નથી કે નથી જ્ઞાતિવાદ-પ્રદેશવાદની સંકુચિતતા એમનામાં પ્રવેશી. તેમના પ્રચંડ પુરુષાર્થ પાછળ હું માનું છું કે ત્યાં સુધી મૂલ્યનિષ્ઠ શિક્ષણનો જે મહિમા કર્યો તેમાં 'શિષ્ય દેવો ભવ'ની શુભ ભાવના જ પ્રેરક બળ બની રહી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલે ગદ્‌ગદિત કંઠે અને ભાવવિભોર સ્વરે માણેકલાલ સાહેબ સાથેનાં અનેકવિધ સંસ્મરણો વર્ણવ્યા છે. જેમાં સાહેબનું બહુઆયામી વ્યક્તિત્વ અનાવૃત્ત થયેલું જોવા મળે છે. પ્રારંભમાં જ નોંધ્યું છે કે સિંહગર્જનાઓ હવે ક્યારેય સાંભળવા નહીં મળે. કેટલાક વર્ષો પૂર્વ સંસ્થાનું દેવું રૂપિયા બે કરોડ જેટલું થઈ જતાં ડૉ. કનુભાઈએ સાહેબને પૂછેલું કે ધારો કે કાંઈક અણધાર્યું બની જાય તો સંસ્થાનું દેવું કેવ